## શાસક-વિપક્ષે તંત્રની બેદરકારીઓ ખુલ્લી પાડી

# મ્યુ. સાધારણ સભામાં TP સ્કીમ અને ગેરરીતિઓ મુદ્દે ભારે હોબાળો





## આડેધડ ટીપી, નાળા પરના મંજૂર બાંધકામો અને દસ્તાવેજોના પ્રશ્ને કોર્પોરેટરો આક્રમક: સમસ્યાઓના ઉકેલ માટે સરકારમાં સંયુક્ત રજૂઆત કરાશે

ભાવનગર,તા.૨૯

ભાવનગર મહાનગરપાલિકાની સાધારણ સભા મેયરના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ સભામાં વિવિધ ૧૦ અગત્યના કામોને બહાલી આપવામાં આવી હતી, પરંતુ ચિત્રા ટાઉન પ્લાનિંગ સ્કીમ (૨૪)માં પુનઃ રચના, રસ્તાની સાઈઝમાં ફેરફાર તેમજ તંત્ર દ્વારા આચરાયેલી વિવિધ ગેરરીતિઓને લઈને શાસક અને વિપક્ષ બંને પક્ષના સભ્યોએ ભારે હંગામો મચાવ્યો હતો. અધિકારીઓની ભૂલોના કારણે પ્રજા મુશ્કેલીમાં મુકાઈ હોવાના આક્ષેપો સાથે સમગ્ર સભા ગાજી ઉઠી હતી.

ચિત્રા ટીપી-૨૪માં ટોપોગ્રાફી વગર જ સર્વે કરીને ટીપી પાડી દેવાતા અનેક જટિલ પ્રશ્નો ઊભા થયા છે. શાસક પક્ષના સભ્ય ઉપેન્દ્રસિંહ ચૂડાસમાએ આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, આડેધડ ટીપી સ્કીમ મંજૂર કરી દેવાતા ચિત્રા, ફૂલસર, સિદસર અને તરસમિયા જેવા વિસ્તારોમાં લોકોની મિલકતોના દસ્તાવેજો થતા નથી. ચાર-ચાર સ્ટેન્ડિંગ ચેરમેન બદલાયા છતાં આ પ્રશ્ન ઉકેલાયો નથી.

ચિત્રા ગામતળનો ૧૯૭૬માં લેઆઉટ મંજૂર થયો હતો, પરંતુ તંત્રની ગંભીર ભૂલના કારણે આ જમીન સરકારી ચોપડે ચાલી ગઈ છે. તેના પર હજારો મકાનો બની ગયા છે પણ લોકોના પ્લાન મંજૂર થતા નથી, જેના કારણે મનપાને પણ હાઉસટેક્સની મોટી આવક ગુમાવવી પડી રહી છે. જે જમીન સરકારી છે તેના પર બેંકો અને મોટા બાંધકામોને મંજૂરીઓ કઈ રીતે મળી તે અંગે પણ સવાલો ઉઠાવી જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં લેવાની માંગ કરવામાં આવી હતી.

વિપક્ષી સભ્ય જયદિપસિંહ ગોહિલે તંત્રના કાળા કામો બહાર લાવતા જણાવ્યું હતું કે, નિયમ મુજબ નદી કે નાળાની બંને સાઈડ ૯ મીટર સુધી બાંધકામ થઈ શકે નહીં. છતાં ચિત્રા ફૂલસરના ઋષિનગરમાં નાળા પર જ બનેલા બાંધકામોને મનપાએ પ્લાન મંજૂર કરી કમ્પ્લીશન સર્ટિફિકેટ પણ આપી દીધા છે. શહેરમાં આશરે ૬૦ જેટલા કુદરતી વોકળામાં પુરાણ કરીને ગેરકાયદે બાંધકામો ખડકાઈ ગયા છે.

આ ઉપરાંત, ચિત્રા ટીપી-૨૪માં જે રોડ પર લાખો રૂપિયાના ખર્ચે ડ્રેનેજ લાઈન નાખવામાં આવી હતી તે રોડ જ હવે રદ કરી દેવાતા પ્રજાના નાણાં પાણીમાં ગયા છે. દેસાઈનગરમાં ?૧૩૫ કરોડના ખર્ચે બનેલી બોક્સ ડ્રેઈનમાં સફાઈના અભાવે પાણી પસાર થતું નથી અને ઠેર-ઠેર ભરાવ થાય છે. સભ્ય ભરતભાઈ બુધેલીયાએ પણ આક્ષેપ કર્યો હતો કે જૂના મંજૂર લેઆઉટમાં તળાવ, રોડ અને ડ્રેનેજ જેવા પ્રાઈવેટ પ્લોટમાં કોર્પોરેશન દ્વારા જ દબાણ કરવામાં આવ્યું છે.

તંત્ર તરફથી સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કિશન મહેતાએ બચાવ કરતા કહ્યું હતું કે, તાજેતરમાં પડેલા ભારે વરસાદ બાદ મોટા ભાગના વિસ્તારોમાંથી ઝડપથી પાણી ઓસરી ગયા હતા. જ્યાં ટીપીના પ્લોટ છે ત્યાં ફેન્સિંગ કરી કબજો લેવાશે. પૂર્વ ચેરમેન રાજુભાઈ રાબડિયાએ આસપાસના ગામોમાં ૧૮ મીટરના રોડ ખોલવાની વાત કરી હતી.

રખડતા ઢોરના મુદ્દે વિપક્ષના વિરોધ સામે મ્યુનિસિપલ કમિશનર ડો. મીણાએ ખુલાસો કર્યો હતો કે, દર મહિને ૩૦૦ ઢોર પકડવામાં આવે છે અને હાલ ૨,૦૦૦ ઢોર ડબ્બે પૂરેલા છે, પરંતુ માલિકો છોડાવી જતા હોવાથી સમસ્યા રહે છે.

ટીપી સ્કીમ-૨૪માં ડેવલપ થઈ ગયેલા વિસ્તારમાં ૪૦% કપાત શક્ય ન હોવાથી તેના બે ભાગ કરવા છતાં ઉકેલ આવ્યો નથી. ભૂતકાળની ગંભીર ભૂલોથી લટકતા ટીપી સ્કીમ અને જૂના લેઆઉટના પ્રશ્નો માટે સભાના અંતે શાસક અને વિપક્ષ બંનેએ એકસૂરે રાજ્ય સરકારમાં સંયુક્ત રજૂઆત કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો હતો.

# ભાવનગર મહાપાલિકાના આધાર કેન્દ્રનો ઓપરેટર લાંચના છટકામાં સપડાયો

## વચેટિયા સાથે મળી ચલાવાતું હતું કૌભાંડ: ડીકોય ટ્રેપમાં રૂ. ત્રણ હજારની રિકવરી સાથે રંગેહાથ ઝબ્બે

ભાવનગર,તા.૨૯

ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના પશ્ચિમ ઝોન કચેરી ખાતે આવેલા આધાર કાર્ડ સેન્ટર પર લાંચરુશવત વિરોધી બ્યુરો દ્વારા સફળ ડીકોય ટ્રેપ ગોઠવી લાંચના કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. સરકારી સેવાઓમાં સુધારા-વધારાના નામે નાગરિકો પાસેથી ગેરકાયદે નાણાં ઉઘરાવતા આધાર ઓપરેટર અને એક વચેટિયાને રૂ. ૩,૦૦૦ની લાંચ લેતા ઝડપી પાડવામાં આવ્યા છે.

મળતી વિગતો અનુસાર, સદ્‌ગુરુ ઓનલાઈન સર્વિસ ધરાવતો અશ્વિન બાંભણિયા નામનો શખ્સ મ્સ્ઝ ના આધાર ઓપરેટર વિજય ભરતભાઈ ડાભી સાથે મેળાપીપણું ધરાવતો હતો. તે આધાર કાર્ડમાં સુધારા-વધારા કરાવી આપવાના બદલામાં અરજદારો પાસેથી રૂ. ૨,૦૦૦ થી ૩,૦૦૦ની ગેરકાયદે રકમ વસૂલી લાંચનું નેટવર્ક ચલાવતો હોવાની ચોક્કસ બાતમી મળતા ACB પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

તા. ૨૮/૦૭/૨૦૨૬ના રોજ આખલોલ જકાતનાકા ખાતે આવેલા મનપાના આધાર કેન્દ્ર પર ડીકોય ટ્રેપ ગોઠવવામાં આવી હતી. તપાસ દરમિયાન આધાર ઓપરેટર અને તેના સાગરીતે રૂ. ૩,૦૦૦ની લાંચની માંગણી કરી સ્વીકારતા જ ટીમે તેમને રંગેહાથ ઝડપી લીધા હતા અને લાંચની પૂરેપૂરી રકમ રિકવર કરી હતી. પોલીસ ઈન્સ્પેક્ટર ટી.એસ. રીઝવીની ફરિયાદના આધારે બંને આરોપીઓ સામે ગુનો નોંધી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ભાવનગર જિલ્લા જેલમાં બેરેકના શૌચાલયમાંથી મોબાઈલ ઝડપાયો

## રાત્રિના સમયે સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન સિમકાર્ડ વગરનો ફોન મળી આવતા જેલરે નિલમબાગ પોલીસ મથકે નોંધાવી ફરિયાદ

ભાવનગર,તા.૨૯

ભાવનગર જિલ્લા જેલની સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર પ્રશ્નાર્થ ચિહ્ન ઊભું કરતી ઘટના સામે આવી છે. જેલની ઝડતી સ્ક્વોડ દ્વારા રાત્રિના સમયે હાથ ધરાયેલી આકસ્મિક તપાસ દરમિયાન બેરેક નંબર-૨ માંથી એક લાવારિસ મોબાઈલ ફોન મળી આવતા જેલ તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ છે.

મળતી વિગતો અનુસાર, જેલ અધિક્ષકની સૂચનાથી જેલર જયદેવસિંહ જી. ગોહિલ અને સ્થાનિક ઝડતી સ્ક્વોડે ગતરાત્રે આશરે ૧૧ વાગ્યે જૂની બેરેક-૨ માં સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યું હતું. તપાસ દરમિયાન જનરલ શૌચાલયના લોખંડના દરવાજાની ખીચીમાં છુપાવી રાખેલો બેટરી સાથેનો અને સિમકાર્ડ વગરનો એક મોબાઈલ ફોન જનરલ સુબેદાર બળદેવભાઈ કે. મીરને મળી આવ્યો હતો.

અતિ સુરક્ષિત ગણાતી જિલ્લા જેલમાં મોબાઈલ ફોન ક્યાંથી અને કોના માટે આવ્યો તે અંગે અનેક તર્ક-વિતર્કો સર્જાયા છે. આ બનાવ અંગે જેલરની ફરિયાદના આધારે નિલમબાગ પોલીસે અજાણ્યા શખ્સ સામે BNS એક્ટ ૨૨૩ તેમજ કેદી અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કેબિનેટ રાજ્ય મંત્રી જીતુભાઇ વાઘાણીએ ગૌરીવ્રતની દીકરીઓને ફરાળ કરાવ્યું

પાંચ વર્ષથી મોટી દીકરીઓ જયારે મોળાકત ગૌરીવ્રતના ઉપવાસ કરી રહી છે, ત્યારે બોરતળાવ ખાતેના થાપનાથ મહાદેવ મંદિરે ગૌરીવ્રતની પૂજા કરવા આવતી દીકરીઓને રાજયના કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણી દ્વારા ફરાળ કરાવવામાં આવેલ, જેમાં ભાવનગર શહેર ભાજપ પ્રમુખ કુમારભાઈ શાહ સહીત શહેર સંગઠન, વરિષ્ટ આગેવાનો, વિવિધ મંડળના હોદ્દેદારો, કાર્યકર્તાઓ અને શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા અને દીકરીઓને કારસેવા દ્વારા ફરાળ કરાવ્યું હતું.



# જિલ્લામાં વરસાદથી ક્ષતિગ્રસ્ત માર્ગોના મરામત કાર્યનો પ્રારંભ



ભાવનગર,તા.૨૯

ભાવનગર જિલ્લામાં સતત વરસાદના કારણે અસરગ્રસ્ત બનેલા માર્ગોને વાહનવ્યવહાર માટે પુનઃ સુગમ અને સુરક્ષિત બનાવવા માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) દ્વારા તાત્કાલિક દુરસ્તીકરણની કામગીરી હાથ ધરવામાં આવી છે. તંત્ર દ્વારા ભાવનગર તાલુકાના ફરિયાદકા એપ્રોચ રોડ તેમજ ઘોઘા તાલુકાના ભીકડાથી ભીકડા ડેમ તરફ જવાના માર્ગ પર વરસાદી પાણીના નિકાલ સાથે વેટ મિક્સ દ્વારા પેચવર્ક કરવામાં આવી રહ્યું છે. વિભાગની ટીમ દ્વારા સર્વેક્ષણ હાથ ધરીને પ્રાથમિકતાના ધોરણે રસ્તાઓની મરામત શરૂ કરાઈ છે. જાહેર જનતાને સલામત અને સરળ વાહનવ્યવહાર મળી રહે તે હેતુથી જરૂરી મશીનરી અને માનવશક્તિના સંકલનથી યુદ્ધના ધોરણે કામગીરી થઈ રહી છે. વરસાદથી નુકસાન પામેલા તમામ માર્ગોનું ઝડપથી દુરસ્તીકરણ પૂર્ણ કરવા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં આ કામગીરી નિરંતર ચાલુ રાખવામાં આવી હોવાનું પંચાયત વિભાગે જણાવ્યું છે.

# સતત બીજા દિવસે વીજ ચેકિંગ ડ્રાઈવમાં રૂપિયા ૨૨.૬૨ લાખની ચોરી પકડાઈ

## પાલિતાણા ડિવિઝનના વિવિધ વિસ્તારોમાં ૩૦ ટીમોનું સઘન ચેકિંગ: કુલ ૬૯ કનેક્શનોમાં ગેરરીતિ સામે દંડાત્મક કાર્યવાહી

ભાવનગર,તા.૨૯

ભાવનગર પીજીવીસીએલ (PGVCL) વર્તુળ કચેરી દ્વારા વીજચોરી ડામવા માટે સતત બીજા દિવસે પણ વ્યાપક વીજ ચેકિંગ ડ્રાઈવ ચાલુ રાખવામાં આવી હતી. સીટી-૨ ડિવિઝનમાં રૂ. ૧૮.૫૯ લાખની વીજચોરી પકડાયા બાદ, મંગળવારે પાલિતાણા ડિવિઝન હેઠળના વિસ્તારોમાં તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

વીજતંત્રની ૩૦ જેટલી ટીમોએ પાલિતાણા ડિવિઝનના ત્રાપજ, તળાજા-૧, ૨ અને પીથલપુર સબ ડિવિઝનમાં સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. આ કામગીરી દરમિયાન ટીમોએ ૨૨૫ રહેણાંક, ૭ વાણિજ્યિક અને ૩ ખેતીવાડી મળી કુલ ૨૩૫ વીજ કનેક્શનોની ચકાસણી કરી હતી.

તપાસ દરમિયાન ૬૬ રહેણાંક, ૨ વાણિજ્યિક અને ૩ ખેતીવાડી મળી કુલ ૬૯ કનેક્શનોમાં ગેરરીતિ અને વીજચોરી માલૂમ પડી હતી. આ તમામ કનેક્શનોમાંથી કુલ રૂ. ૨૨.૬૨ લાખની વીજચોરી ઝડપી પાડીને દંડાત્મક આકારણીના બિલ આપી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. પીજીવીસીએલની આ સઘન ઝુંબેશથી વીજચોરોમાં ફાળ પડી છે.

# વન્યપ્રાણીઓનો ત્રાસ મામલે ખેડૂત કલ્યાણ સંગઠન દ્વારા પદયાત્રા યોજવા એલાન

## સિંહ, દીપડા અને ભૂંડ જેવા પ્રાણીઓના આતંકથી ખેડૂતો-પશુપાલકો ત્રસ્ત: કાયમી ઉકેલ માટે વહીવટી તંત્ર સામે વિરોધ પ્રદર્શન કરાશે



ભાવનગર,તા.૨૯

ભાવનગર, અમરેલી, અને ગીર સોમનાથ સહિતના જિલ્લાઓમાં સિંહ, દીપડા તેમજ રોજ અને ભૂંડ જેવા વન્યપ્રાણીઓનો ત્રાસ અસહ્ય બન્યો છે. અવારનવાર વાડી-ખેતરો કે ગામોમાં ઘૂસીને આ હિંસક પ્રાણીઓ પશુધન તેમજ માસૂમ બાળકો અને માનવો પર હુમલા કરી ફાડી ખાવાના બનાવો બની રહ્યા છે. આ પરિસ્થિતિના કાયમી ઉકેલ માટે 'ખેડૂત કલ્યાણ સંગઠન' દ્વારા મક્કમ સંકલ્પ સાથે વિરોધ આયોજન કરવામાં આવ્યું છે.

પ્રદેશ પ્રમુખ ભરતસિંહ તરેડીના જણાવ્યા અનુસાર, તા. ૩૧ને શુક્રવારે સવારે ૧૦:૩૦ કલાકે મહુવા વડલી ભૂતનાથ દાદાના દર્શન કરી બપોરે ૧૨ કલાકે ખેડૂતો અને આગેવાનો પગપાળા ચાલીને મામલતદાર, પ્રાંત અધિકારી તેમજ જંગલ વિભાગને આવેદનપત્ર આપશે. આ પદયાત્રામાં તમામ ગામોના સરપંચો, ખેડૂતો, પશુપાલકો અને ખેતમજૂરોને મોટી સંખ્યામાં હાજર રહેવા અપીલ કરવામાં આવી છે.

બીજી તરફ, સિહોર તાલુકાના રાજપરા ખોડિયાર અને આજુબાજુના ગામોમાં પણ સિંહ-દીપડાની સતત અવરજવરથી ભારે ભયનો માહોલ સર્જાયો છે. ભયના કારણે ભાગિયાઓ ખેતરોમાં કામ કરવા તૈયાર થતા નથી અને મારણના બનાવો વધી રહ્યા છે. આ ગંભીર સ્થિતિને પગલે પશુપાલકો અને ગ્રામજનોએ રોષ વ્યક્ત કરી ફોરેસ્ટ ઓફિસરને આવેદનપત્ર પાઠવ્યું હતું. ગ્રામજનોએ ત્વરિત સ્થળ નિરીક્ષણ કરી ખેડૂતો અને માલધારીઓની સુરક્ષા માટે કડક પગલાં ભરવાની માંગ કરી છે.

# રાજુલા પોલીસે નદી કિનારે ચેતવણી બોર્ડ લગાવ્યા

અમરેલી,તા.૨૯

રાજુલા પોલીસે અમરેલી જિલ્લાના હિંડોરણા અને ખાખબાઈ ગામોમાં ધાતરડી નદીના કિનારે ચેતવણી બોર્ડ લગાવ્યા છે. આ પગલું નદીમાં ન્હાવા ઉતરવાથી થતા ડૂબવાના બનાવોને રોકવા માટે લેવામાં આવ્યું છે.

ભૂતકાળમાં આ નદીમાં ડૂબી જવાથી અનેક લોકોના મૃત્યુ થયા છે. તાજેતરમાં જિલ્લા કલેક્ટરે પણ આ અંગે જાહેરનામું બહાર પાડ્યું હતું. અમરેલીના SP સંજય ખરાત લોકોની બેદરકારી અને લાપરવાહીથી થતા મૃત્યુ અંગે ચિંતિત હતા. ચોમાસાની ઋતુ અને સ્થાનિક સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ કામગીરી કરી છે. નદીના પ્રવાહ અને ઊંડા પાણીમાં થતી દુર્ઘટનાઓ અટકાવવા માટે જોખમી વિસ્તારોમાં વિશેષ સૂચના અને ચેતવણી દર્શાવતા સાઈન બોર્ડ લગાવવામાં આવ્યા છે.

**ધાતરડી નદીમાં ડૂબવાના બનાવો રોકવા બોર્ડ લગાવ્યું, જાનહાનિ ટાળવા પ્રયાસ**

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

# શહેરમાં ઠેર-ઠેર મઢુલીઓમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી







તસવીર : ધવલ વાજા

સમગ્ર ગોહિલવાડ પંથકમાં આજે આસ્થાભેર ગુરુપૂર્ણિમાની ઉજવણીકારવામાં આવી રહીછે. ભાવનગર શહેરમાં ઠેર-ઠેર મઢુલીઓમાં બિરાજમાન સંતોના દર્શન કરવા ભાવિકો ઉમટી રહ્યા છે. દર વર્ષની પરંપરા મુજબ શહેરમાં આવેલી મઢુલીઓમાં આકર્ષક શણગાર કરીને તૈયાર કરવામાં આવી છે. જેમાં સવારથી શહેરના તખ્તેશ્વર તળેટીએ આવેલી મઢુલી, જિલ્લા પંચાયતની સામેની મઢુલી, ઘોઘાસર્કલ, ડોન સહીત વિસ્તારની મઢુલીઓ ઉપરાંત તળાજા જકાતનાકા, નિર્મળનગર, સુભાસનગર તથા ચિત્રા ખાતે આવેલ મસ્તરામબાપાના મંદિરે પણ ભાવિકો ગુરુના દર્શન કરવા ઉમટી પડ્યા છે. ભાવિકોને પ્રસાદ વિતરણ તેમજ મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

# ભાવનગરમાં 'આરંભ ઈન્ડિયા' ફર્મે આચરી રૂ.૪૧ કરોડની ઠગાઈ

## ધંધાના વિકાસ માટે ૨૫ માસ માટે ૪% મુદ્દલ અને ૪% વ્યાજ જેવી આકર્ષક સ્કીમો સમજાવી રોકાણકારોનો વિશ્વાસ સંપાદિત કરી ૧૧૩ રોકાણકારો સાથે છેતરપિંડી આચર્યાની ઘોઘારોડ પોલીસમાં ફરિયાદ

ભાવનગર,તા.૨૯


ભાવનગર શહેરમાં રોકાણ પર આકર્ષક વળતર (માસિક ૫% વ્યાજ) આપવાની લાલચ આપીને રૂ.૩,૪૧,૬૬,૯૦૦ ની માતબર રકમની ઠગાઈ આચરવામાં આવી હોવાની ગંભીર ઘટના સામે આવી છે. 'આરંભ ઈન્ડિયા' ફર્મના સંચાલકોએ શિક્ષકો, વેપારીઓ અને નોકરીયાતો સહિત ૧૧૩ જેટલા રોકાણકારોને ફસાવીને ઓફિસ અને મકાન બંધ કરી નાસી છૂટ્યા છે.

ભાવનગરના ભરતનગર વિસ્તારમાં રહેતા અને બુધેલ કુમાર શાળામાં મદદનીશ શિક્ષક તરીકે ફરજ બજાવતા ધર્મેન્દ્રભાઈ જયપ્રકાશભાઈ ત્રિવેદી (ઉ.વ. ૪૬) દ્વારા નોંધાવાયેલી પોલીસ ફરિયાદમાં જણાવ્યા મુજબ નવેમ્બર ૨૦૨૦માં સોશિયલ મીડિયા પર ટી.વી. ખરીદી પર રકમ પરત મળવાની જાહેરાત જોઈને તેઓ ઘોઘા સર્કલ સ્થિત 'આરંભ ઈન્ડિયા' ની દુકાને ગયા હતા.આ ફર્મના પ્રોપરાઈટર હરદીપસિંહ ભગીરથસિંહ ગોહિલ અને તેના ભાઈ બ્રિજરાજસિંહ ગોહિલ (રહે. નારાયણ સોસાયટી, રીંગરોડ, ભાવનગર) દ્વારા ટી.વી., ઈલેક્ટ્રોનિક્સ આઈટમો અને ઘરવપરાશની ૧૦૮ વસ્તુઓનું પ્રોડક્શન અને એસેમ્બલિંગ કરવામાં આવતું હોવાનું જણાવવામાં આવ્યું હતું. ધંધાના વિકાસ માટે રોકાણ સ્વીકારીને:૨૫ માસ માટે ૪% મુદ્દલ અને ૪% વ્યાજ જેવી આકર્ષક સ્કીમો સમજાવી રોકાણકારોનો વિશ્વાસ સંપાદિત કરવામાં આવ્યો હતો.

ફરિયાદી ધર્મેન્દ્રભાઈએ પોતાની પત્ની અને પરિવારના નામે શિક્ષણ મંડળીમાંથી લોન તથા મિત્રો અને સ્ટાફ પાસેથી ઉછીના નાણાં લઈને તા. ૦૭/૧૨/૨૦૨૦ થી ૧૫/૦૨/૨૦૨૧ દરમિયાન જુદી જુદી તારીખોએ કુલ રૂ.૪૭,૦૦,૦૦૦ નું રોકાણ કર્યું હતું. શરૂઆતના બે-ત્રણ મહિના વળતર પેટે માત્ર ૩,૪૫ લાખ પરત આપવામાં આવ્યા હતા. ત્યારબાદ બાકી નીકળતી રકમ ૪૩,૫૫,૦૦૦ માંગતા આરોપીઓએ આજકાલના વાયદા કર્યા હતા અને કોરોનાનું બહાનું ધરી માર્ચ-૨૦૨૧ માં ઓફિસ બંધ કરી નાસી ગયા હતા. આ કૌભાંડમાં માત્ર ફરિયાદી જ નહીં, પરંતુ અન્ય ૧૧૨ લોકો સહિત કુલ ૧૧૩ રોકાણકારોના રૂ.૨,૯૮,૧૧,૯૦૦ મળીને કુલ રૂ.૩,૪૧,૬૬,૯૦૦ ની રકમ ઓળવી જવામાં આવી છે. આ મામલે પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

# વ્યાસ અને વ્યાસપીઠના આશીર્વાદ સૌના પર ઊતરે તેવી કામના વ્યક્ત કરતાં મોરારિબાપુ

## કેન્યામાં ચાલતી રામકથા દરમિયાન ગુરુપૂર્ણિમા વ્યાસપૂર્ણિમાની સૌને શુભકામના પાઠવી



ભાવનગર,તા.૨૯

સનાતન પર્વોમાં મહિમાવંત ગુરુપૂર્ણિમા પ્રસંગે મોરારિબાપુએ વ્યાસ અને વ્યાસપીઠના આશીર્વાદ સૌના પર ઊતરે તેવી કામના વ્યક્ત કરી છે.

કેરીચો કેન્યામાં ચાલતી રામકથા દરમિયાન ગુરુપૂર્ણિમા વ્યાસપૂર્ણિમાની સૌને શુભકામના પાઠવતા મોરારિબાપુએ અન્ય કશું ન કહેતાં સ્મિત અને પ્રસન્નતા સાથે સૌને શુભકામના માટે ભાવ વ્યક્ત કર્યો છે.

સનાતન પર્વોમાં મહિમાવંત ગુરુપૂર્ણિમા પ્રસંગે મોરારિબાપુએ જગતભરના બુધ્ધપુરુષોના સ્મરણ સાથે સૌ વ્યાસ અને વ્યાસપીઠના આશીર્વાદ સૌના પર ઊતરે તેવી કામના જણાવી. આ પ્રસંગે પોતે તલગાજરડામાં કોઈ વિશેષ આયોજન કરતાં નથી, તેઓ ગુરુ ચરણ પાદુકા પૂજન સાદગી અને પોતાની રીતે કરી લેતાં હોવાનું પણ ઉમેર્યું છે.

# શિહોરમાં વિદેશી દારૂ સાથે એક ઝડપાયોઃ ૧૪૦૦નો મુદ્દામાલ જપ્ત

ભાવનગર,તા.૨૯

શિહોર પોલીસ સ્ટેશનના વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે ઘાંઘળી ચોકડી પાસે જી.આઈ.ડી.સી. નં. ૪ ભવાની મિલ નજીક એક ઈસમ વિદેશી દારૂનું વેચાણ કરી રહ્યો છે.

પોલીસે બાતમીવાળી જગ્યાએ પંચોને સાથે રાખી તપાસ કરતા અલ્પેશભાઈ જાદવભાઈ પરમાર (રહે. ઘાંઘળી) શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો હતો. તેની પાસેથી રોયલ ચેલેન્જ વ્હીસ્કીની પ્લાસ્ટિકની કંપની સીલપેક બોટલ નંગ-૦૭ (કિંમત રૂ. ૧૪૦૦) વગર પાસ-પરમીટે મળી આવી હતી.આરોપી પાસે દારૂ રાખવા અંગે કોઈ પાસ કે પરમીટ ન હોવાથી પોલીસે પ્રોહિબિશન કલમ ૬૫(એ)(એ) અને ૧૧૬(બી) મુજબ ગુનો નોંધી તેને ધોરણસર અટકાયત કરી છે.

# સિહોરના રિક્ષાચાલક સાયબર ઠગાઈનો ભોગ બન્યાઃ APK ફાઈલથી ૯૦ હજાર ગુમાવ્યા

## મોબાઈલમાં APK ફાઈલ ડાઉનલોડ થતાં જ હેકર્સને એક્સેસ મળ્યોઃ સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

ભાવનગર,તા.૨૯

સિહોરના રહેવાસી અને રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા મહમદભાઈ કથીરી નામના રિક્ષાચાલક સાથે સાયબર ઠગોએ ?૯૦ હજારની છેતરપિંડી આચરી છે.

ગંગાજળિયા તળાવ રિક્ષા સ્ટેન્ડ પર હતા ત્યારે તેમના મોબાઈલમાં એક અજાણી APK ફાઈલ આવી હતી. આ ફાઈલ ઈન્સ્ટોલ કરતાં જ ફોન ઓટોમેટિક રીસેટ થઈ ગયો હતો. બાદમાં બેન્કિંગ એપ્લિકેશન ચાલુ કરીને તપાસતા, તેમના HDFC બેન્કના ખાતામાંથી ?૯૦,૦૦૦ બારોબાર ડેબિટ થઈ ગયા હોવાનું સામે આવ્યું હતું. આ ઉપરાંત અન્ય ખાતાઓમાં પણ શંકાસ્પદ અને નિષ્ફળ ટ્રાન્ઝેક્શન જોવા મળ્યા હતા.

પોતે કોઈ વ્યવહાર કર્યો ન હોવાથી, તેમણે તાત્કાલિક સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર સંપર્ક કર્યો હતો.

આ ઘટના અંગે ભાવનગર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે છદ્ન ફાઈલ મારફતે મોબાઈલનો એક્સેસ મેળવી ઠગાઈ કરનાર શખ્સની શોધખોળ હાથ ધરી છે.

# સિહોરના ગૌતમેશ્વર સહીત સ્થળોએ ગુરુપૂર્ણિમાની ઉજવણી






તસવીર : કૌશિક વ્યાસ

સિહોર,તા.૨૯

દેશભરમાં આજે ગુરુપૂર્ણિમા ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવે છે ત્યારે સિહોરમાં આસ્થાભેર ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં કોયા ભગતની જગ્યા, ધોકાબાપુની જગ્યા, ગણેશ આશ્રમ, દાદાનીવાવ,ગૌતમેશ્વર, ઉસરડ જયરામબાપુની જગ્યા સહિત દરેક ગુરુઆશ્રમોમાં ભક્તોના ઘોડાપુર જોવા મળ્યા હતા અહીંયા ભોજન પ્રસાદ સહિતના આયોજનો થયા હતા.સિહોરના મોટાભાગના સ્થળોએ ભાવિક ભક્તો ઉમટી પડ્યા હતા અને ગુરૂપુજન, દર્શન તથા મહાપ્રસાદનો લાભ લીધો હતો. પહેલાનાં સમયમાં વિદ્યાર્થી ગુરુનાં આશ્રમમાં શિક્ષા ગ્રહણ કરવા જતાં અને પછી શિષ્યો ગુરુને દક્ષિણા આપતાં હતાં આજે ગુરુના પૂજન સાથે પણ ગુરુ દક્ષિણા આપવામાં આવી હતી ગુરુપૂર્ણિમા નિમિત્તે ગુરુનું સન્માન થાય છે. મંદિરોમાં પૂજા થાય છે. પવિત્ર નદીઓમાં સ્નાન કરે છે. આ દિવસે ભક્તિભાવથી ગુરુનું પૂજન કરવાથી ગુરુનાં આશીર્વાદ મળે છે.અષાઢ સુદ પૂનમના દિવસે ગુરુપૂર્ણિમા ઉજવવામાં આવે છે. ગુરુ અંતઃકરણના અંધકારને દૂર કરી આત્મજ્ઞાન કરાવે છે. ગુરુ અભેદનુ રહસ્ય જણાવીને ભેદમાં દર્શન કરવાની કળા શીખવે છે. ગુરુ દુઃખરૂપી સંસારમાં ગુરુકૃપા જ અમૂલ્ય ખજાનો છે.“ તસ્મૈ શ્રી ગરૂવે નમઃ

# કનારા-નાગનેશ વચ્ચે રોડ પર સુપર કેરી ગાડી પલ્ટી ગઈ

## બાળકો સહિત ૧૦ થી ૧૫ લોકો ઈજાગ્રસ્ત થયા ,પોલીસ, ૧૦૮ ઘટના સ્થળે, ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડાયા

બોટાદ,તા.૨૯

બોટાદ જીલ્લાના રાણપુર તાલુકાના કનારા-નાગનેશ વચ્ચે રોડ પર કેરી ગાડીના ચાલકે સ્ટેરીંગ ઉપર કાબુ ગુમાવતા પલટી બાળકો સહીત ૧૦ થી ૧૫ મુસાફરો ઈજાગ્રસ્ત થતા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.આ ઘટનાની જાણ થતા રાણપુર પોલીસ,૧૦૮ એમ્બ્યુલન્સ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને તમામ ઈજાગ્રસ્તોને રાણપુરની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.



આ સુપર કેરી ગાડી ભીમડાદ ગામેથી અરણેજ તરફ જઈ રહેલી સુપર કેરી ગાડી નું રાણપુરના કનારા અને નાગનેશ ગામ વચ્ચે ગાડીના ચાલકે સ્ટેરીંગ ઉપર કાબુ ગુમાવતા ગાડી પલ્ટી ગઈ અને અકસ્માતનો ભોગ બની હતી. પ્રાથમિક માહિતી અનુસાર ગાડીના ડ્રાઈવરે સ્ટીયરિંગ પરથી સંતુલન ગુમાવતાં ગાડી પલટી મારી ગઈ હતી.ગાડીમાં ૧૦ થી ૧૫ મુસાફરો સવાર હતા,જેમાં બાળકો સહીત ૧૦ થી ૧૫ લોકો ગાડીમાં હતા અને તમામને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી.તમામ ઈજાગ્રસ્તો ને રાણપુર સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી અને વધુ ઈજાગ્રસ્ત દર્દીઓને વધુ સારવાર અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે બોટાદ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

પાલિતાણા નગરપાલિકા –પાલિતાણા જિ. ભાવનગર
ટૂંકી મુદતની જાહેર નિવિદા (બીજોપ્રયત્ન)

આથી પાલિતાણા નગરપાલિકા, પાલિતાણા, જિ.ભાવનગરને સરકારશ્રી દ્વારા મંજુર થયેલ સને ૨૦૨૫-૨૬ વર્ષની ધારાસભ્યશ્રીની ગ્રાંટ હેઠળ નીચે મુજબની વિગતે કામગીરી કરવા માટે જાહેર નિવિદાથી સીલબંધ કવરમાં ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| (૧) ટેન્ડર આપવાની છેલ્લીતા.૧૦/૦૮/૨૦૨૬<br>(૨) સ્વિકારવાની છેલ્લી તા.૧૭/૦૮/૨૦૨૬<br>(૩) ટેન્ડર ખોલવાની તા.૧૮/૦૮/૨૦૨૬<br>(સમય ૧૬:૦૦ કલાક શકય હશે તો) | (૧) કામની અંદાજીત રકમ<br>(૨) ટેન્ડર ફી (નોન રીફ.)<br>(૩) એર્નેસ્ટમની ડિપોઝીટ<br>(૪) સમય મર્યાદા |
| કામનું નામઃ- ગણેશનગર સ્કુલમાં રૂમ બનાવવાનું કામ | (૧) રૂા.૪.૧૪ લાખ<br>(૨) રૂા.૬૦૦/-<br>(૩) રૂા.૪,૫૦૦/-<br>(૪) ૩-માસ |

ઉપરોકતકામ અંગેની જરૂરી તમામ માહિતી તેમજ શરતો અને કરારની વિગતો ઓફીસ સમય દરમ્યાન જોવા મળી શકશે. ઉપરોક્ત કામમાં આવેલ ટેન્ડરો/ભાવો મંજુર કે નામંજુર કરવા કે રદ કરવા તથા કામ અંગેના તમામ હકક અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે.

ડી. એન. લૂણ, ચીફ ઓફિસર, પાલિતાણા નગરપાલિકા
કુલદીપભાઈ એ. મોરી, કારોબારી ચેરમેન, નગરપાલિકા પાલિતાણા
વિરેન્દ્રસિંહજી ડી. સરવૈયા, ઉપપ્રમુખ, પાલિતાણા નગરપાલિકા
સુલોચનાબેન મકવાણા, પ્રમુખ, નગરપાલિકા પાલિતાણા

માહિતી-ભાવ-૪૬૨-૨૬

મહુવા નગરપાલિકા, (જીલ્લો : ભાવનગર)
ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ નોટીસ

મહુવા નગરપાલિકા, જીલ્લો : ભાવનગર વિવિધ યોજના અંતર્ગત નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર આમંત્રિત કરે છે.

કામ નં. ૧. સને-૨૧/૨૨ના વર્ષની ૧૫માં નાણાપંચની ટાઈડ ગ્રાન્ટ માંથી (૧) વોર્ડ નં.૬ અને ૭માં આવેલ શની મંદિર રોડ ઉપર આવેલ સ્વામીનારાયણ સોસાયટી થી મહાકાળી સોસાયટી સુધી સ્ટ્રોમ વોટર ડ્રેઈન નાખવાનું કામ.(૨)સ્વામીનારાયણ મંદિર થી મેલડી માતાના મંદિર સુધીના ડી.પી રોડની બાજુમાં સ્ટ્રોમ વોટર ડ્રેઈન નાખવાનું કામ. (છઠો પ્રયત્ન)

| અંદાજીત રકમ | બીડ સિક્યુરીટી ઈ.એમ.ડી. | ટેન્ડર ફી રૂ.૨,૪૦૦/- |
|---|---|---|
| રૂ.૫૫,૮૦,૩૪૪/- | રૂ.૫૬,૦૦૦/- | (નોન રીફંડેબલ) |

કામ નં. ૨. યુ.ડી.પી.-૮૮ સને.૨૦૨૪-૨૫ના વર્ષની ગ્રાન્ટ માંથી (૧) વોર્ડ નં.૭ માં આવેલ ગુજરાત હાઉસિંગ બોર્ડની જગ્યાની બાજુમાં પૂર્વ અને દક્ષીણ બાજુમાં આવેલ રોડની બંને સાઈડ સી.સી. પેવીંગ બ્લોક નાખવાનું કામ. (૨) વોર્ડ નં.૨ માં આવેલ પોલીસ સ્ટેશનથી ટી.સી. પેટ્રોલ પંપ સુધીના રસ્તાની બંને સાઈડ સી.સી.પેવીંગ બ્લોક નાખવાનું કામ. (ચોથો પ્રયત્ન) તથા (૩) વોર્ડ નં.૧માં આવેલ આંબાવાડી વિસ્તારમાં સી.સી.પેવીંગ બ્લોકનું કામ. (૪) ડૉ.રાજુભાઈ વ્યાસ હોસ્પિટલ વાળો ખાંચો સી.સી.પેવીંગ બ્લોકનું કામ. (પાંચમો પ્રયત્ન)

| અંદાજીત રકમ | બીડ સિક્યુરીટી ઈ.એમ.ડી. | ટેન્ડર ફી રૂ.૨,૪૦૦/- |
|---|---|---|
| રૂ.૭૫,૬૬,૪૩૮/- | રૂ.૭૬,૦૦૦/- | (નોન રીફંડેબલ) |

કામ નં. ૩. મહુવા શહેર વિસ્તારમાંથી ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન ૧(એક) મેટ્રિક ટન દીઠ (ડ્રાઈવર,ડીઝલ,વાહન,સાધન,મેન્ટેનન્સ સાથે), GVP પોઈન્ટ અને મૃત પશુ ઉપાડવાનું કામ. (ચોથો પ્રયત્ન)

| અંદાજીત રકમ | બીડ સિક્યુરીટી ઈ.એમ.ડી. | ટેન્ડર ફી રૂ.૩,૬૦૦/- |
|---|---|---|
| રૂ.૨,૨૧,૩૦,૦૬૦/- | રૂ.૨,૨૧,૫૦૦/- | (નોન રીફંડેબલ) |

કામ નં. ૪. સને.૨૦૨૫-૨૬ વર્ષની સ્વચ્છ અને સુંદર શહેર યોજના અંતર્ગત મહુવા નગરપાલિકા વિસ્તારમાં જુદી- જુદી જગ્યાઓ ઉપર ડે ટુ ડે સ્વીપીંગ અને સફાઈ માટેની કામગીરી. (ચોથો પ્રયત્ન)

| અંદાજીત રકમ | બીડ સિક્યુરીટી ઈ.એમ.ડી. | ટેન્ડર ફી રૂ.૨,૪૦૦/- |
|---|---|---|
| રૂ.૭૨,૬૦,૫૬૧/- | રૂ.૭૨,૭૦૦/- | (નોન રીફંડેબલ) |

કામ નં. ૫. નગરપાલિકાના સ્વભંડોળ માંથી મહુવા નગરપાલિકા વિસ્તારમાં જુદી જુદી જગ્યાએ સિવિલ વર્કસ, રોડ, બિલ્ડીંગ, ભુગર્ભ ગટર, વોટર વર્કસ, મટીરીયલ સપ્લાય, લેબર વર્ક, તેમજ અન્ય સલંગ કામોના વાર્ષિક ભાવો મંગાવવાનું કામ.(છઠ્ઠો પ્રયત્ન)

| અંદાજીત રકમ | બીડ સિક્યુરીટી ઈ.એમ.ડી. | ટેન્ડર ફી રૂ.૨,૪૦૦/- |
|---|---|---|
| વાર્ષિક ભાવ | રૂ.૦૧,૦૦,૦૦૦/- | (નોન રીફંડેબલ) |

| | |
|---|---|
| વેબ સાઈટનું નામ | https://tender.nprocure.com |
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય | તા..૩૦/૦૭/૨૦૨૬ થી તા.૧૩/૦૮/૨૦૨૬ ના સાંજના ૦૬:૦૦ કલાક સુધી |
| જરૂરી ટેન્ડર ડોક્યુમેન્ટ પહોંચતા કરવાની તારીખ તથા સરનામું | તા.૧૯/૦૮/૨૦૨૬ ના સાંજના ૦૬:૦૦ કલાક સુધી (સ્પીડ પોસ્ટ/કુરિયર/રજીસ્ટર એ.ડી.) ચીફ ઓફિસર : મહુવા નગરપાલિકા, બજરંગદાસ બાપા ચોક, મહુવા-૩૬૪૨૯૦, |

સદર કામની વિગતવાર માહિતી ઉપર જણાવેલ વેબસાઈટ પરથી જોઈ શકાશે તથા મહુવા નગરપાલિકા કોઈપણ કારણ દર્શાવ્યા વગર પ્રાપ્ત થયેલી કોઈપણ અથવા બધી ઓફરોને નકારવાનો હક્ક-અધિકાર અનામત રાખે છે.

(પરાક્રમસિંહ ટી.મકવાણા) ચીફ ઓફિસર, મહુવા નગરપાલિકા.
(જયપાલસિંહ.એસ.વાળા.) ઉપપ્રમુખ, મહુવા નગરપાલિકા.
(મિતલબેન.આર.જોષી) પ્રમુખ, મહુવા નગરપાલિકા.

માહિતી-ભાવ-૪૬૮-૨૬

અનુ.પાના ૮નું શરૂ...

### અધેવાડાના રોડના કામમાં તંત્રની

ઊભા કરી સંતોષ માની લીધો છે.!આ ઉપરાંત, બેઠલા પુલની સમાંતર આપેલા ડાયવર્ઝન પર પણ સુરક્ષા માટે કોઈ આડોશ કે સાઈનબોર્ડ મૂકવામાં આવ્યા નથી. રસ્તો અત્યંત ખરાબ હોવાથી વાહનચાલકો ગમે ત્યારે ખાડામાં ખાબકે તેવી ભીતિ સેવાઈ રહી છે. મહાપાલિકાનો જવાબદાર વિભાગ કોઈ મોટી જાનહાનિની રાહ જોઈ રહ્યો હોય તેમ તંત્ર દ્વારા કોઈ ગંભીરતા દાખવવામાં આવતી નથી, જેને પગલે સ્થાનિકો અને વાહનચાલકોમાં ભારે રોષ અને આક્રોશ ફેલાયો છે.

પશ્ચિમ રેલવે-ભાવનગર મંડળ
પાર્કિંગ, જાહેરાત, વિવિધ સ્ટેટિક સેવાઓ, કેટરિંગ અને પે એન્ડ યુઝ કરારો માટે ટેન્ડર આમંત્રણ સૂચના

| કેટલોગ ક્રમાંક | કરારનો પ્રકાર | શ્રેણી |
|---|---|---|
| PARKING-2026-05 | પાર્કિંગ કરાર માટે સોનગઢ (SGD) અને પોરબંદર (PBR) (4 વ્હિલર); બાવળા (VLA) અને વસ્ત્રાપુર (VTP) (2 વ્હિલર); ધોલા (DLJ) (મિશ્રિત). | પાર્કિંગ |
| PNU-WRL-2026-04 | ગાંધીગ્રામ રેલવે સ્ટેશન ખાતે 05 (પાંચ) રિટાયરિંગ રૂમ અને 01 (એક) ડોર્મિટરી (06 બેડ)ના સંચાલન અને જાળવણી માટેનો કરાર; તેમજ વેરાવળ રેલવે સ્ટેશન ખાતે 04 (ચાર) રિટાયરિંગ રૂમ, 02 (બે) અપ્પર-ક્લાસના પ્રતીક્ષાલય (મહિલાઓ અને પુરુષો માટે) અને 01 (એક) એર કન્ડીશન્ડ (AC) પ્રતીક્ષાલય. | પે એન્ડ યુઝ રિટાયરિંગ રૂમ |
| MSS-BVP-2026-04 | બોટાદ (BTD), જૂનાગઢ (JND), વેરાવળ (VRL) અને સુરેન્દ્રનગર ગેટ (SRGT) ખાતે રેલ કોચ રેસ્ટોરન્ટ તેમજ બોટાદ (BTD), ધંધુકા (DCK), બાવળા (VLA), સરખેજ (SEJ) અને ગાંધીગ્રામ (GG) ખાતે ઇલેક્ટ્રિક વાહન (EV) ચાર્જિંગ સ્ટેશનો. | વિવિધ - સ્ટેટિક સેવાઓ |
| ADVT-RDN-OOH-05 | ભાવનગર પરા (BVP) મંડળમાં વિવિધ જાહેરાત સ્થળો (OOH, LED યુનિપોલ, RDN અને LED ફ્લેન્જ). | જાહેરાત |
| CATERING-2026-1 | ભાવનગર પરા (BVP) મંડળના વિવિધ સ્થળોએ હરાજી કેટલોગ મુજબ ચા અને નાસ્તા સ્ટોલ જનરલ માઇનર યુનિટ – (GMU) માટે કેટરિંગ સેવાઓની વ્યવસ્થા. | કેટરિંગ |

ઉપરોક્ત તમામ કેટલોગ માટે ઈ-હરાજી શરૂ થવાની તારીખ અને સમય:10.08.2026 ના રોજ 11:00 કલાકે; બિડર/ટેન્ડરરે www.ireps.gov.in વેબસાઇટની મુલાકાત લેવી. વધુ માહિતી માટે ભાવનગર વિભાગીય કાર્યાલયનો સંપર્ક કરવો અથવા વાણિજ્ય નિરીક્ષક (NFR), ભાવનગર મંડળનો ફોન નંબર +91-72279 89486 પર સંપર્ક કરી શકાય છે. BVP – 091

અમને લાઈક કરો: facebook.com/WesternRly• અમને ફોલો કરો: x.com/WesternRly

પશ્ચિમ રેલવે-ભાવનગર મંડળ
"ચા અને નાસ્તા સ્ટોલની વ્યવસ્થા" માટે ટેન્ડર આમંત્રણ સૂચના

ભારતના રાષ્ટ્રપતિ વતી, ડિવિઝનલ રેલવે મેનેજર (વાણિજ્ય), પશ્ચિમ રેલવે, ભાવનગર દ્વારા પ્રતિનિધિત્વ કરતાં, ભાવનગર મંડળના નીચે દર્શાવેલ A અને B શ્રેણીના રેલવે સ્ટેશનો પર "ચા અને નાસ્તા સ્ટોલની વ્યવસ્થા" માટે સ્પર્ધાત્મક ઈ-ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે. આ ઈ-ટેન્ડર સિંગલ સ્ટેજ, ટુ-પેકેટ સિસ્ટમ હેઠળ આમંત્રિત કરવામાં આવે છે.

| ક્ર. નં. | સ્ટેશન | શ્રેણી | સ્થાન | યુનિટ નં. | પહેલા ત્રણ વર્ષ માટે અનામત કિંમત (₹ માં) /વાર્ષિક અને ચોથા અને પાંચમા વર્ષ માટે અનામત કિંમત પર 10% નો વધારો | નિર્ધારિત શ્રેણી | ઇએમડી (₹) માં |
|---|---|---|---|---|---|---|---|
| ચા અને તાજગીનો સ્ટોલ | | | | | | | |
| 1 | ભાવનગર ટર્મિનસ | A | પીએફ નં. 1 | BVC-2 | 220500+ જીએસટી | જનરલ (મહિલા) | 23000 |
| 2 | પોરબંદર | B | પીએફ નં. 2 | PBR-1 | 178000 + જીએસટી | જનરલ | 18600 |
| 3 | પોરબંદર | B | પીએફ નં. 2 | PBR-2 | 178000+ જીએસટી | જનરલ | 18600 |
| 4 | પોરબંદર | B | પીએફ નં. 3/4 | PBR-3 | 130500 + જીએસટી | જનરલ | 13600 |
| 5 | ગોંડલ | B | પીએફ નં. 1 | GDL-1 | 124500+ જીએસટી | જનરલ (મહિલા) | 13000 |
| 6 | ગોંડલ | B | પીએફ નં. 2 | GDL-2 | 121500 + જીએસટી | જનરલ | 12700 |
| 7 | જૂનાગઢ | B | પીએફ નં. 1 | JND-3 | 212960 + જીએસટી | જનરલ | 22200 |
| 8 | જૂનાગઢ | B | પીએફ નં. 2/3 | JND-4 | 117000+ જીએસટી | જનરલ (મહિલા) | 12200 |
| 9 | બોટાદ જંક્શન | B | પીએફ નં. 1 | BTD-3 | 132000 + જીએસટી | જનરલ | 13800 |
| 10 | બોટાદ જંક્શન | B | પીએફ નં. 2/3 | BTD-4 | 120000+ જીએસટી | જનરલ (મહિલા) | 12500 |
| 11 | બોટાદ જંક્શન | B | પીએફ નં. 4/5 | BTD-6 | 115500+ જીએસટી | જનરલ | 12100 |
| 12 | બોટાદ જંક્શન | B | પીએફ નં. 4/5 | BTD -7 | 120000+ જીએસટી | જનરલ (મહિલા) | 12500 |
| 13 | વેરાવળ | A | પીએફ નં. 2/3 | VRL-4 | 208000+ જીએસટી | જનરલ | 21700 |

ટેન્ડર ફોર્મ ફી: ₹ 5900/-; ટેન્ડર બંધ કરવાની તારીખ અને સમય: 31/08/2026 ના રોજ 15:00 કલાકે સુધી; ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: 31/08/2026 ના રોજ 15:30 કલાકે; ઓફરની માન્યતા: 60 દિવસ; કરારનો સમયગાળો: 5 વર્ષ; વેબસાઇટ: https://ireps.gov.in BVP – 092

અમને લાઈક કરો: facebook.com/WesternRly• અમને ફોલો કરો: x.com/WesternRly

DR. LATHIYA'S SKIN CLINIC
Dr. Sandip Lathiya
MD, Skin & VD
Dermatologist, Cosmetologist & Dermatosurgeon
ગ્રાઉન્ડ ફ્લોર, કાર્લટન સ્કેવર, માધવદિપ કોમ્પ્લેક્ષની પાસે, કાળાનાળા, ભાવનગર ગુજરાત-૩૬૪૦૦૧
ઉપલબ્ધ સારવારો
• ખીલ અને ખીલના ડાઘ
• એલર્જી અને ખંજવાળ
• સફેદ ડાઘ (vitiligo)
• સોરાયસિસ અને એકિઝમા
• વાળ ખરવા અને ટાલ પડવી
• ફંગલ ઈન્ફેકશન
• નખના રોગો
• બાળકો અને મહિલાઓના ચામડીના રોગો
વિશેષ સારવારો
• Laser Hair Removal
• Chemical Peel
• PRP Hair Treatment
• CO2 Laser Treatment
M. 79841 66946

LEELA NEWS NETWORK P. LTD
ભાવનગર આવૃત્તિ
# સૌરાષ્ટ્ર આસપાસ
સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર
બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫


BLOSSOM WOMEN'S HOSPITAL & MATERNITY HOME
ડૉ. પૂજા ઘોરી લાઠીયા
એમ. એસ. સ્ત્રી રોગ તથા પ્રસુતિ નિષ્ણાત
Dr. Pooja Ghori Lathiya
MS Obstetrics and Gynecology
લેપ્રોસ્કોપિક સર્જન
ઉપલબ્ધ સુવિધાઓ:
• નોર્મલ તથા સિઝેરિયન ડિલિવરી
• સોનોગ્રાફી
• બાળક રહેવામાં તકલીફ
• ગર્ભાશય તથા ગાંઠના ઓપરેશન
• નળીમાં બાળક રહ્યું હોય તે દૂર કરવાની સુવિધા
• જોખમી ડિલિવરી
• ગર્ભાશયના કેન્સરનું રસીકરણ
+91 79843 10939
સરનામું : શોપ નં. ૨૦૪-૨૦૫, બીજો માળ, ઓરનેટ કોમ્પલેક્સ, રસોઈ હોટેલ ની નજીક, કાળુભા રોડ, ભાવનગર - ૩૬૪૦૦૧

## ગોહિલવાડ ગુરુ ચરણોમાં નત મસ્તક

# બગદાણામાં ઉમટ્યું ભક્તોનું ઘોડાપૂર







તસવીર : ધવલ વાજા

### જિલ્લાના વિવિધ ધર્મ સ્થાનક સહીત બગદાણા ગુરુ આશ્રમમાં ગુરુપૂર્ણિમાની દિવ્ય ઉજવણી : બગદાણામાં ૩૭ હજારથી વધુ સેવાધારીઓ ખડે પગે, ગુરુવંદના કરવા ચારેય દિશાઓમાંથી ભાવિકો ઉમટી પડયા

ભાવનગર,તા.૨૯

ગુરુપૂર્ણિમાના પાવન પર્વે આખું ગોહિલવાડ ગુરુભક્તિના રંગે રંગાયું છે, બગદાણા ઉપરાંત સમગ્ર જિલ્લાના તમામ ગુરુસ્થાનકોમાં વહેલી સવારથી જ ગુરુવંદના,પૂજન અને આશીર્વાદ મેળવવા માટે ભાવિક ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે. પરંપરાગત રીતે ભજન, ભોજન અને વંદનના ત્રિવેણી સંગમ સાથે મહિમાવંત પર્વની ઉજવણી થઈ રહી છે.

બગદાણા ગુરુઆશ્રમ ખાતે વહેલી સવારે મંગળા આરતી, ધ્વજાપૂજન, ધ્વજારોહણ, શાસ્ત્રોક્ત ગુરુપૂજન અને ત્યારબાદ રાજભોગ આરતી સાથે ધાર્મિક મહોત્સવનો પ્રારંભ થયો હતો. ગત મોડી રાતથી જ ચારેય દિશાઓમાંથી પદયાત્રીઓ અને ભાવિકોનો અવિરત પ્રવાહ બગદાણા તરફ વહી રહ્યો છે. આ વિશાળ આયોજનને સુચારૂ રૂપે પાર પાડવા માટે ૪૬૪ ગામોના ૧૨,૩૦૦ સ્વયંસેવક ભાઈઓ અને ૮૮૦ ગામોના ૨૫,૧૦૫ સ્વયંસેવક બહેનો મળીને કુલ ૩૭,૪૦૫થી વધુ સ્વયંસેવકો ચા-પાણી, દર્શન, પાર્કિંગ, સુરક્ષા, સાફ-સફાઈ અને ભોજનશાળા જેવા વિવિધ વિભાગોમાં ખડેપગે સેવા આપી રહ્યા છે.

બીજી તરફ, કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ તંત્ર અને હોમગાર્ડનો કડક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. એસ.ટી. નિગમ દ્વારા ભાવનગર, તળાજા, મહુવા અને પાલિતાણા ડેપોમાંથી બગદાણા માટે સ્પેશિયલ એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવી છે, જ્યારે ૧૦૮ ઈમરજન્સી સેવા, બગદાણા સીએચસી અને બેલમપર પીએચસીનો આરોગ્ય સ્ટાફ પણ સતત તૈનાત છે. આશરે ૧.૫ લાખથી વધુ ભાવિકો મહોત્સવમાં પ્રસાદ લેશે તેવી શક્યતાને પગલે રસોડા વિભાગ દ્વારા ૧૫,૦૦૦ કિલો લાડવા, ૭,૫૦૦ કિલો ગાંઠિયા, ૭,૫૦૦ કિલો રોટલી, ૧૨,૦૦૦ કિલો શાકભાજી, ૩,૦૦૦ કિલો દાળ અને ૪,૫૦૦ કિલો ભાતનો મહાપ્રસાદ તૈયાર કરવામાં આવ્યો છે.

શ્રદ્ધાળુઓના વાહનો માટે બંને દિશાઓમાં ચાર અલગ-અલગ પાર્કિંગ ઝોન ઊભા કરાયા છે, જેમાં ઠાડચ-ઠળીયા તરફથી આવતા વાહનો માટે ભગુડા ચોકડી તથા હાઈસ્કૂલની વાડી ખાતે અને મહુવા-જેસર તરફથી આવતા વાહનો માટે વિદ્યાગ્રામ તથા હનમંતવાડી ખાતે વ્યવસ્થા કરવામાં આવી છે, જ્યાં મોડી રાત સુધી ભક્તોનો પ્રવાહ યથાવત રહેવાનું અનુમાન છે.

### બગદાણાના માર્ગે મધરાતે વાહનોનો ટ્રાફિક જામ : પોલીસ બંદોબસ્તનો અભાવ

ગુરુપૂર્ણિમાના પાવન પર્વ નિમિત્તે બગદાણા ખાતે પૂજ્ય બજરંગદાસ બાપાના ચરણે શિશ ઝુકાવવા માટે ગત મધરાતથી જ શ્રદ્ધાળુઓનો અવિરત પ્રવાહ શરૂ થઈ ગયો હતો. મોડી રાત્રે જ મોટી સંખ્યામાં ભાવિક ભક્તજનો ગુરુ આશ્રમે પહોંચી જતાં સમગ્ર આશ્રમ પરિસરમાં ભક્તિમય માહોલ સર્જાયો હતો.મધરાતે ચારેય દિશાઓમાંથી વાહનો અને પદયાત્રીઓનો ભારે પ્રવાહ બગદાણા તરફ આવતાં રસ્તાઓ પર ભારે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, ટ્રાફિકના કારણે વાહનચાલકોને માત્ર પાંચ કિલોમીટરનું અંતર કાપવામાં પણ ખાસ્સો સમય લાગી ગયો હતો. આટલી મોટી જનમેદની વચ્ચે પણ રાતભર મહાપ્રસાદ અને ચા-પાણી વિભાગ સહિતના વિવિધ સેવા વિભાગોમાં સ્વયંસેવકોની નિષ્ઠાપૂર્વકની સેવા કામગીરી અત્યંત કાબિલેદાદ રહી હતી. વહેલી સવારે મંગળા આરતી અને ગુરુ વંદનાના દર્શન કરી ભાવિકોના મોટા સમુદાયે ધન્યતા અનુભવી વિદાય લીધી હતી.

## બજરંગદાસ બાપાના જન્મસ્થળ

# ઝાંઝરીયા હનુમાનજી મંદિરે ગુરુપૂર્ણિમાની ભવ્ય ઉજવણી: દર્શનાર્થે ભાવિકોની ભીડ









તસવીર : ધવલ વાજા

### મંગળા આરતી, ધ્વજા રોહણ બાદ મહાપ્રસાદ વિતરણ : ભાવિકોએ ગુરુ પૂજન અને વંદનનો લહાવો લીધો ; ટ્રસ્ટના પ્રમુખ કોમલકાંત શર્મા અને ટ્રસ્ટીગણે બાપાનું પૂજન કરી આરતી ઉતારી

ભાવનગર,તા.૨૯

સંત શિરોમણી પૂજ્ય બજરંગદાસ બાપાના પાવન જન્મસ્થળ એવા પ્રસિદ્ધ ઝાંઝરીયા હનુમાનજી મંદિર (અધેવાડા) ખાતે આજે ગુરુપૂર્ણિમા મહોત્સવ અત્યંત ભાવપૂર્ણ અને ભક્તિમય માહોલમાં ઉજવવામાં આવ્યો હતો. પૂજ્ય બાપાના જન્મસ્થળે ગુરુવંદના કરવા માટે વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓ અને ભાવિક ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી.

ગુરુપૂર્ણિમા મહોત્સવ અંતર્ગત ઝાંઝરીયા હનુમાનજી મંદિર ટ્રસ્ટ-અધેવાડા દ્વારા વિવિધ ધાર્મિક આયોજનો કરવામાં આવ્યા હતા. વહેલી સવારે મંગળા આરતી સાથે ઉત્સવનો પ્રારંભ થયો હતો. ત્યારબાદ વિધિવત રીતે ધ્વજા પૂજન, પૂજ્ય બાપાની મૂર્તિનું પૂજન અને થાળ આરતી યોજાઈ હતી. આ પ્રસંગે મંદિર ટ્રસ્ટના પ્રમુખ અને અગ્રણી ઉદ્યોગપતિ કોમલકાંત શર્મા, ઉપપ્રમુખ અજીતસિંહ ગોહિલ, ખજાનચી પરેશભાઈ પારેખ, સેક્રેટરી શક્તિસિંહ ગોહિલ, ઉપમંત્રી રાજેન્દ્રસિંહ ગોહિલ તેમજ ટ્રસ્ટીઓ ગીરીશભાઈ રામૈયા, ભોપાભાઈ ચાવડા અને બિપીનભાઈ પટેલ સહિતના અગ્રણીઓએ ઉપસ્થિત રહી ગુરુ પૂજન અને આરતીનો લહાવો લીધો હતો.ઝાંઝરીયા હનુમાનજી મહારાજના દર્શન અને પૂજ્ય બાપાના વંદન અર્થે સવારથી જ ભક્તોનો અવિરત પ્રવાહ શરૂ થયો હતો, જે મોડી સાંજ સુધી યથાવત રહેવાનું અનુમાન છે. દર્શનાર્થે આવતા તમામ ભાવિક ભક્તો માટે ટ્રસ્ટ દ્વારા મહાપ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. આ સમગ્ર ગુરુપૂર્ણિમા મહોત્સવને ભાવપૂર્વક સફળ બનાવવા માટે મંદિરના સ્વયંસેવકો અને આગેવાનોએ ભારે જહેમત ઉઠાવી છે.આ આયોજનમાં લીલા પરિવાર, બાપા સીતારામ પરિવાર - ભાવનગર, સુદીતભાઈ પંડયા (SID લાઈટ્સ એન્ડ ડેકોરેશન), ચંદ્રેશભાઈ માળી એન્ડ બ્રધર્સ (વ્રજ ફ્લાવર્સ), અને અનિલભાઈ સોલંકીનો વિશેષ સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે.

# ગારીયાધારના વેળાવદર ગામે જુગાર રમતા ચાર ઝડપાયા

### રૂ.૧૩,૨૫૦નો મુદ્દામાલ જપ્ત કરતી ભાવનગર એલસીબી

ભાવનગર,તા.૨૯

ભાવનગર એલ.સી.બી. પોલીસ સ્ટાફના રાજુભાઈ ગોવિંદભાઈ વાઘેલા તથા ટીમ પાલિતાણા ડિવિઝનના ગારીયાધાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન વેળાવદર ગામે અવેડાની બાજુમાં જાહેર જગ્યાએ લાઈટના અંજવાળે કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા હોવાની બાતમી મળી હતી.ખાનગી બાતમીના આધારે પોલીસે સ્થળ પર રેડ કરી તીન પત્તીનો હારજીતનો જુગાર રમતા જેતુભાઈ આલેકભાઈ સોઢીયા (રહે. વેળાવદર), વિશાલભાઈ ઠાકરશીભાઈ પરમાર (રહે. વેળાવદર), અનિલભાઈ રતીભાઈ જીંજરીયા (રહે. વેળાવદર) તથા કિરીટભાઈ અરજણભાઈ ખીમસુરીયા (રહે. વેળાવદર) સહીત ચાર શખ્સો ઝડપાયા હતા.પોલીસે પકડાયેલા શખ્સો પાસેથી ગંજીપાના નંગ-૫૨ અને રોકડ રૂ. ૧૩,૨૫૦સહિતનો કુલ મુદ્દામાલ પંચનામું કરી કબજે કર્યો હતો.આ તમામ ચારેય આરોપીઓ વિરુદ્ધ જુગારધારા કલમ-૧૨ મુજબ ગુનો નોંધી, પોલીસે રાત્રે કલાક ૦૨:૦૦ વાગ્યે તમામની ધોરણસર અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અધેવાડાના રોડના કામમાં તંત્રની ઘોર બેદરકારી: અંધારપટ અને યોગ્ય ડાયવર્ઝનના અભાવે વાહનચાલકોના જીવ જોખમમાં

### સ્ટેન્ડિંગ ચેરમેનના આદેશ છતાં માત્ર કાગળ પર જ અજવાળા: ગતરાત્રે ડિવાઈડર સાથે કાર અથડાતા અકસ્માત સર્જાયો



ભાવનગર,તા.૨૯

ભાવનગર નજીક અધેવાડાથી નેશનલ હાઈવેને રહેલા ઈઝઝ રોડના નિર્માણકાર્ય દરમિયાન કોન્ટ્રાક્ટર એજન્સી અને મહાપાલિકા તંત્રની ગંભીર બેદરકારી સામે આવી છે. લાંબા સમયથી લટકતા આ રોડ પ્રોજેક્ટનું કામ હાલ પૂર્ણતાના આરે છે, પરંતુ યોગ્ય સુવિધા અને સુરક્ષાના અભાવે આ માર્ગ વાહનચાલકો માટે ભારે ત્રાસદાયી બન્યો છે.

હાલ કામગીરી ચકલી રહી છે બીજી બાજુ રોડ પર યોગ્ય લાઈટિંગની વ્યવસ્થા ન હોવાથી રાત્રિના સમયે ઘોર અંધારપટ છવાયેલો રહે છે. ગઈકાલે મંગળવારે રાત્રે આ અંધારાને કારણે એક કાર રોડ પર મુકાયેલા ડિવાઈડરના બેલા સાથે ધડાકાભેર અથડાઈ હતી, જેમાં મોટી દુર્ઘટના ટળી હતી. અગાઉ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને રોડ પર યોગ્ય લાઈટિંગ કરવા તંત્રને સૂચના આપી હતી, પરંતુ તંત્રએ માત્ર બે જગ્યાએ લાઈટો લગાવીને કાગળ પર જ અજવાળા (જુઓ પાનું ૬)»

# સિહોરના બોલેરો ચાલકે હિટ એન્ડ રન સર્જી બાઈક ચાલકનો જીવ લીધો

### ૧૦ દિવસ પૂર્વે તારાપુર હાઈ-વે પર બાઈકચાલકને ટક્કર મારી નાસી છૂટેલા બોલેરો ડાલાના ચાલકને રામધરી વિસ્તારમાંથી ઝડપી પાડતી પોલીસ







ભાવનગર,તા.૨૯

આણંદ જિલ્લાના તારાપુર-વટામણ હાઈવે પર સુપ્રીમ હોટલ નજીક ગત ૧૮ જુલાઈ, ૨૦૨૬ના રોજ સર્જાયેલા ગંભીર હિટ એન્ડ રન કેસમાં ભાવનગર જિલ્લાના સિહોર તાલુકાનું કનેક્શન સામે આવ્યું છે. તારાપુર પોલીસે ગુનાનો સફળતાપૂર્વક ભેદ ઉકેલીને સિહોર ખાતેથી આરોપી વાહનચાલકની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અકસ્માતની પ્રાપ્ત વિગતો અનુસાર, તારાપુરના મોટું ભાથીજી ફળિયામાં રહેતા અમિતભાઈ હિરાભાઈ પટેલ પોતાની મોટરસાયકલ (ય્ત-૨૩-મ્ઝ્ર-૫૩૨૧) લઈને ખેતરેથી તારાપુર ચોકડી તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન પુરઝડપે આવેલી એક સફેદ રંગની બોલેરો પીકઅપ ડાલાએ તેમને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર દરમિયાન અમિતભાઈનું મોત નીપજ્યું હતું, જ્યારે ચાલક પોતાના વાહન સાથે સ્થળ પરથી નાસી છૂટ્યો હતો.

ઘટના બાદ યુવરાજસિંહ રાઠોડની ફરિયાદના આધારે તારાપુર પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (મ્દ્ગજી) અને મોટર વાહન અધિનિયમ હેઠળ ગુનો નોંધાયો હતો. પી.આઈ. એ.બી. ગોહિલના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. ડી.કે. વાઘેલા અને તેમની ટીમે તપાસ હાથ ધરી હતી. પોલીસે હાઈવે પરના ૩૦ જેટલા ઝઝફ કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા, જેમાં વટામણ ટોલ પ્લાઝા પાસે એક શંકાસ્પદ બોલેરો પીકઅપ ડાલા (GJ-04-AX-1459) નજરે પડી હતી, જેનો આગળનો કાચ તૂટેલો અને બમ્પર ગાયબ હતું.

### 30 CCTV કેમેરા તપાસી પોલીસે આખરે ઝડપી લીધો

ઈ-ગુજકોપ મારફતે વાહનની વિગતો મેળવી ટેકનિકલ સર્વેલન્સના આધારે પોલીસે દરોડો પાડીને સિહોર તાલુકાના રામધરી ભડિયું વિસ્તારમાં રહેતા ૩૬ વર્ષીય ભાવેશભાઈ મનજીભાઈ રવજીભાઈ ભેડાની અટકાયત કરી હતી. પૂછપરછમાં આરોપીએ અકસ્માત સર્જ્યો હોવાની કબૂલાત કરી છે. સિહોરના રહીશ એવા આ વાહનચાલકની ધરપકડ કરી પોલીસે આગળની કાનૂની કાર્યવાહી શરૂ કરી છે.

સી જી રોડ ,પ્રહલાદનગર તથા બોડકદેવ બાદ
અમદાવાદમાં ચોથી બ્રાન્ચનો
શુભઆરંભ
સાઉથ બોપલ
શોપ નં. 5. સન સાઉથવિન્ડસ, મેરી ગોલ્ડ સર્કલ પાસે, સાઉથ બોપલ, અમદાવાદ. Ph. 7859828799
આપનું હાર્દિક સ્વાગત છે
BHAVNAGAR'S હાસ પેંડાવાળા SINCE 1918
ભાવનગર • અમદાવાદ • વડોદરા • સુરત • સાવરકુંડલા
VIVEK-BVN.